### પુસ્તકાલયોમાં મંજૂર મહેકમ સામે ૧૫ જગ્યા ખાલી છે

# જિલ્લામાં બે વર્ષમાં ગરીબી રેખાથી નીચે જીવતા પરિવારોમાં ૧૦નો વધારો

**જિલ્લામાં કુટિર ઉદ્યોગ શરૂ કરવા ૪૦૮૬ અરજીઓ મળી : આ પૈકી બે વર્ષમાં ૧૩૮૬ની ધિરાણ અરજીઓ મંજૂર કરી ૧૬૭૬ લાખ રૂ.નું ધિરાણ મંજૂર કરવામાં આવ્યુ : જિલ્લામાં ૪૨,૮૨૬ પરિવારો ગરીબી રેખાથી નીચે જીવે છે**

ગાંધીનગર, તા. ૧૦

આજે રાજ્ય વિધાનસભાગૃહની બે બેઠકો હતી. આજથી ગૃહમાં અંદાજપત્ર પરની સામાન્ય ચર્ચાનો આરંભ થયો છે. ગૃહમાં આજે કૃષિ, ગ્રામ વિકાસ, વાહન-વ્યવહાર, નાગરિક પુરવઠો, પ્રવાસન અને સહકાર વિભાગને લગતી પ્રશ્નોત્તરી હતી. ગૃહમાં પ્રશ્નોત્તરીના સમય



**વિધાનસભામાં ગાંધીનગર**

**- પ્રકાશ જહા**

દરમ્યાન જોવા મળતી ઉત્તેજનાઓ આજે એટલી જોવા મળી ન હતી.

● **મુખ્યમંત્રી કિસાન સહાય યોજના**

કુદરતી આપત્તિથી ખરીફ ઋતુમાં ખેડૂતોને થતા નુકશાન પેટે મુખ્યમંત્રી કિસાન સહાય યોજના અંગે આણંદના કાન્તિભાઈ સોઢાએ પુછેલા પ્રશ્નના ઉત્તરમાં કૃષિમંત્રીએ જણાવ્યુ હતુ કે ૧૦-૮-૨૦ના પરિપત્રથી જાહેર કરવામાં આવેલી આ ઓ યોજનામાં જોગવાઈઓ પરિપૂર્ણ થતી ન હોઈ સહાય ચુકવવામાં આવી નથી.

● **તારની વાડ બનાવવા સહાય**

માણસાના સુરેશભાઈ પટેલે ૩૧-૧૨-૨૦ની સ્થિતિએ જંગલી જાનવરો, રોઝ, ભૂંડના ત્રાસથી ખેડૂતોના પાકના રક્ષણ માટે તારની વાડ બનાવવા સહાય મેળવવા અંગે પુછેલા પ્રશ્નના ઉત્તરમાં કૃષિમંત્રીએ જણાવ્યુ છે કે ખેડૂત અને ખેડૂત ગૃપ દ્વારા ઓછામાં ઓછા ૫ હેક્ટરનો બ્લોક બનાવી સહાય માટે અરજી કરી શકે છે.

કૃષિમંત્રીએ જણાવ્યુ હતુ કે અગાઉ ૧૦ હેક્ટરનો બ્લોક હતો પરંતુ સરકારને મળેલ રજુઆતો પછી ૮-૧૨-૨૦થી પાંચ હેક્ટરનો ઘટાડો કરી અને પાંચ હેક્ટરનો બ્લોક બનાવી આ સહાય મેળવવા માટે અરજી કરી શકાય છે.

૩૧-૧૨-૨૦ની સ્થિતિએ જિલ્લાના એક પણ ખેડૂતે કે ગૃપે આવી સહાય મેળવવા માટે અરજી કરી નથી અને તેથી આવી સહાય ચુકવવાની બાકી નથી કે સહાય ચૂકવવામાં આવી નથી.

● **સરકારી પુસ્તકાલયોનું મહેકમ**

માણસાના સુરેશભાઈ પટેલે ૩૧-૧૨-૨૦ની સ્થિતિએ જિલ્લાના સરકારી પુસ્તકાલયો અને તેના મહેકમ અંગે પુછેલા એક લેખિત પ્રશ્નના ઉત્તરમાં રમત-ગમત મંત્રીએ જણાવ્યુ છે કે ગાંધીનગર જિલ્લામાં પાંચ સરકારી પુસ્તકાલયો આવેલા છે.

આ પાંચ સરકારી પુસ્તકાલયો માટે ૩૨ કર્મયોગીઓનું મહેકમ મંજૂર કરવામાં આવેલ છે. જે પૈકી ૧૭ જગ્યાઓ ભરાયેલી છે જ્યારે ૧૫ જગ્યાઓ ખાલી છે.

● **કુટિર ઉદ્યોગ શરૂ કરવા**

ગાંધીનગર (ઉ)ના ધારાસભ્ય ડૉ. સી.જે. ચાવડાએ ૩૧-૧૨-૨૦ની સ્થિતિએ ગાંધીનગર જિલ્લામાં જિલ્લા ઉદ્યોગ કેન્દ્રમાં કુટિર ઉદ્યોગ શરૂ કરવા માટે મળેલ અરજીઓ અંગે પુછેલા એક લેખિત પ્રશ્નના ઉત્તરમાં કુટિર ઉદ્યોગ મંત્રીએ જણાવ્યુ હતુ કે ગાંધીનગર જિલ્લામાં બે વર્ષમાં ૪૦૮૬ અરજીઓ મળી હતી.

તેમણે પૂરક પ્રશ્નના ઉત્તરમાં જણાવ્યુ હતુ કે ૧-૧-૧૯ થી ૩૧-૧૨-૧૯ દરમ્યાન ૧૪૦૭ અને ૧-૧-૨૦ થી ૩૧-૧૨-૨૦ સુધીમાં ૪૦૪ અરજીઓ મંજૂર કરી ૧૮૧૧ અરજીઓ બેંકોને ધિરાણ માટે મોકલી આપવામાં આવી હતી.

આ પૈકી ૧-૧-૧૯ થી ૩૧-૧૨-૧૯ દરમ્યાન ૫૮૩ અરજીઓ અને ૧-૧-૨૦ થી ૩૧-૧૨-૨૦ દરમ્યાન ૮૦૩ અરજીઓ મળી કુલ ૧૩૮૬ લોન અરજીઓ બેંકો દ્વારા મંજૂર કરવામાં આવી હતી.

તા. ૧-૧-૧૯ થી ૩૧-૧૨-૧૯ દરમ્યાન રૂ. ૯૯૭.૬૧ લાખ અને ૧-૧-૨૦ થી ૩૧-૧૨-૨૦ દરમ્યાન ૬૭૮.૪૬ લાખ રૂ. મળી કુલ રૂ. ૧૬૭૬.૦૭ લાખનુ ધિરાણ આપવામાં આવેલ છે.

●**ગીરીબી રેખાથી નીચે જીવતા પરિવારો**

ધાનેરાના નથાભાઈ પટેલે ૩૧-૧૨-૨૦ની સ્થિતિએ ગાંધીનગર જિલ્લામાં ગરીબી રેખાથી નીચે જીવતા પરિવારો અંગે પુછેલા એક લેખિત પ્રશ્નના ઉત્તરમાં ગ્રામ વિકાસ મંત્રીએ જણાવ્યુ છે કે ગાંધીનગર જિલ્લામાં ૦ થી ૧૬ ગુણાંકવાળા પરિવારોની સંખ્યા ૧૨,૯૮૪ છે જ્યારે ૧૭ થી ૨૦ ગુણાંક ધરાવતા પરિવારોની સંખ્યા ૨૯,૮૪૨ છે.

ગ્રામ વિકાસ મંત્રીએ જણાવ્યુ છે કે ૩૧-૧૨-૨૦ની સ્થિતિએ આવા પરિવારોની સંખ્યામાં ૧૦ નો વધારો થયો છે. ૦ થી ૧૬ ગુણાંક ધરાવતા પરિવારોમાં ૧ પરિવારનો અને ૧-૧-૨૦ થી ૩૧-૧૨-૨૦ સુધીમાં ૯ પરિવારોનો વધારો થયો છે.

# સેકટરોમાં કચરાથી ખદબદતી કચરાપેટી ખાલી ન થતા ઠેર ઠેર ઉકરડા

**કચરો એકત્રિત કરવાની વ્યવસ્થા અન્વયે કચરાનો નિકાલ થતો નથી : સે-૧૧ અખબાર ભવન પાસે પણ કચરાના ઢગ**

ગાંધીનગર તા ૧૦

શહેરના સેકટરોમાં સફાઈ વ્યવસ્થાના નામે મીંડુ છે.



સેકટરોમાં સફાઈ થતી નથી રહીશોના ઘર આંગણે કચરાના ઢગ ખડકાયેલા છે. કાર્પોરેશન અસ્તિત્વમાં આવ્યુ ત્યારથી એક માત્ર સફાઈની કામગીરીની પણ યોગ્ય રીતે કરવામાં સદંતર નિષ્ફળ રહ્યુ છે. સેકટરોમાં ઘર આંગણે કચરાના ઢગ ખડકાયેલા જોવા મળે છે. સેકટરોમાં કોમન પ્લોટમાં પણ સમયસર સફાઈ થતી નથી જયારે સેકટરોના આંતરિક માર્ગો ઉપર પણ સફાઈના અભાવે કચરો પથરાયેલો જોવા મળે છે. આ સ્થિતિ વચ્ચે સેકટરોમાં મુકાયેલા કચરાના કન્ટેનરો જ ગંદકીનુ ઉદભવ સ્થાન બન્યા છે. સેકટરોમાં સફાઈ વ્યવસ્થા ખોરવાઈ છે. કચરાપેટીમાં ઠેર ઠેર કચરો ઉભરાતો નજરે પડે છે. જેના લીધે કચરાના કન્ટેઈનર જ ગંદકીનુ ઉદભવ સ્થાન બનતા સફાઈનો પ્રશ્ન વધુ જટીલ બન્યો છે. સેકટરોમાં સોસાયટીના આંગણે તેમજ જાહેર સ્થળો પર જાહેરમાં ઉકરડો ન થાય તે માટે કચરા પેટી મુકવામાં આવી છે.

● અનુસંધાન પાન-૭ પર


# ગુડાના કુડાસણ સ્થિત આવાસોને એક વર્ષમાં જ ભેજ ભરખી ગયો

**પેવર બ્લોક પણ તુટેલી હાલતમાં : ગટરો ઉભરાતા રહીશો ત્રાહીમામ : અધિકારીઓ અને એજન્સી પણ ફરિયાદનુ નિરાકરણ આવે તેમાં રસ લેતા નથી : રહીશો આગ બબુલા**

ગાંધીનગર તા ૧૦

ગુડા નિર્મિત કુડાસણ સ્થિત એમ આઈ જી આવાસ યોજનામાં ટુંકા સમયગાળામાં જ આવાસોની સ્થિતિ કંગાળ બની છે. આવાસોમાં બિલ્ડીંગની દિવાલો પર ભેજ આવતા કલર પણ ઉખડી ગયો છે. જયારે ગટર લાઈનમાં લીકેજીસની સમસ્યા ગંભીર બનતા રહીશો માટે ત્રાસરૂપ સ્થિતિનુ નિર્માણ થયુ છે. ગુડાની આવાસ યોજનાના ફાયર એન ઓ સી મામલે પણ સવાલો મંડરાયા છે.

શહેરી વિકાસ સત્તા મંડળ દ્વારા તબક્કાવાર નવા આવાસો બાંધવા માટે કામગીરી હાથ ધરવામા આવે છે. ત્યારે રાયસણ, ચિલોડા અને અડાલજ ખાતે પ્રથમ તબક્કામાં બાંધવામાં આવેલા એલ આઈ જી આવાસોની હાલત પણ હાલની સ્થિતિએ બદતર જોવા મળે છે. આવાસોમાં પાણી લીકેજીસ, લીફ્ટ બંધ તેમજ સફાઈ વ્યવસ્થાના અભાવ વચ્ચે





ઠેર ઠેર ગંદકીના ઢગ જોવા મળી રહ્યા છે. ત્યારે બીજીતરફ થોડા સમય અગાઉ જ નિર્માણ કરાયેલી કુડાસણની આવાસ યોજનામાં પણ રહીશોએ ડગલે ને પગલે હાલાકી વેઠવી પડે તેવી સ્થિતિ છે. કુડાસણની એમ આઈ જી આવાસ યોજનામાં પણ પેવર બ્લોક તુટી ગયેલી હાલતમાં છે.

● અનુસંધાન પાન-૭ પર

### શિવરાત્રીની પૂર્વ સંધ્યાએ બે શ્રદ્ધાળુઓએ

# વાસણિયા મહાદેવમાં સાડા ત્રણ કિલો વજન ધરાવતુ કલાત્મક છત્રની ભેટ

**આ તીર્થભૂમિમાં હાલ પરિસર ડેવલપમેન્ટના પ્રોજેક્ટ્સ હાથ ધરાયા છે તે એક વર્ષમાં સંપન્ન કરવાનું આયોજન : મહેન્દ્રસિંહ**



ગાંધીનગર, તા. ૧૦

મહાદેવનું બીજુ નામ એટલે ભોળાનાથ..., મંદિર મેં મહાદેવ કહેવાયા, પાર્વતી કે પ્રાણ પ્યારા જય જય ભોળા શંભુનો નાદ મહાદેવના મંદિરોમાં ગુંજતો સાંભળવા મળે છે.

મહાદેવનું જિલ્લામાં આવેલ ઐતિહાસિક અને પુરાનું મંદિર ગાંધીનગર-માણસા માર્ગ પર આવેલ વાસણ ગામના પ્રવેશદ્વાર પર વાસણિયા મહાદેવથી પ્રચલિત છે.

આ મંદિરમાં આજે બે શ્રદ્ધાળુ ભક્તો દ્વારા ૩.૫૦ કિલો ચાંદીમાંથી બનાવેલ કલાત્મક છત્રનું દાન ભેટ સ્વરૂપે આપ્યુ છે જેનો મંદિરના પૂજારીએ સહર્ષ સ્વીકાર કર્યો હતો.

મહાદેવની શ્રદ્ધા ધરાવતો વર્ગ મોટો છે. આ મહાદેવના મંદિરમાં રિનોવેશનનું કામ હાલ પૂરઝડપે આગળ વધી રહ્યાનું ટ્રસ્ટના પ્રમુખ અને પૂર્વ ધારાસભ્ય મહેન્દ્રસિંહ વાઘેલાએ જણાવ્યુ હતુ.

તેમણે કહ્યુ કે આ પરિસર યાત્રીઓ માટે સુવિધાસભર બને તે માટે અહિ બાલોદ્યાન પણ ડેવલપ કરવામાં આવી રહ્યું છે. આ બાલોદ્યાનમાં વિશેષ રાઈડ્સ અને ખેલકૂદના સાધનો મુકવામાં આવનાર છે.

આ ઉપરાંત અંબાજી જતા પદયાત્રીઓને ન્હાવા-ધોવા સહિતની સુવિધા મળી રહે તે માટે બાથરૂમ-ટોયલેટ્સના નવા બ્લોક્સ બનાવવામાં આવ્યા છે. આ ઐતિહાસિક મંદિરમાં પંખીઓના ચણ માટે નવો ચબુતરો પણ તૈયાર કરવામાં આવી રહ્યો છે. રિનોવેશનની કામગીરી એકાદ વર્ષમાં સંપન્ન કરવાનું આયોજન હોવાનું તેમણે કહ્યુ હતુ.

આજે મંદિરને મળેલ ૩.૫૦ કિલો ચાંદીના છત્ર માટે ભક્તજનોએ જે શ્રદ્ધા સાથે આપ્યુ છે તે માટે તેમનો આભાર અને ભગવાન શિવની કૃપા આ ભક્તોના પરિવાર પર સતત રહે તે પ્રાર્થના સહ તેમણે દાનવીરોને પણ ઐતિહાસિક મંદિરના રિનોવેશનમાં પણ આવો જ સહયોગ આપશે તેવી અપીલ પણ કરી હતી.

તેમણે જણાવ્યુ હતુ કે કોરોનાની આ મહામારીના સમયમાં શિવરાત્રિનો મેળો નહિ યોજવાનો નિર્ણય લેવામાં આવ્યો છે. મહેન્દ્રસિંહ વાઘેલાએ જણાવ્યુ હતુ કે આ ઐતિહાસિક તીર્થધામ હોવાથી તેની જાળવણી અને નિભાવણી કરવામાં સૌએ સહયોગ આપ્યો છે તે પણ નોંધનીય છે.

આ ઐતિહાસિક મંદિરની ડિઝાઈન અને તેમાં પણ ગર્ભગૃહનું શિવલિંગ માટે ઈતિહાસમાં ઘણી વાતો છે. આ તીર્થભૂમિ છે અને તપસ્વીઓના સન્માન માટે સદાય તત્પર છે.

# વન આરક્ષિત વિસ્તારમાં કચરો સળગાવાતા હરિયાળા વૃક્ષોને નુકસાન

**પાનખરમાં વારંવાર આ પ્રકારની હરકતથી પ્રકૃતિ પ્રેમીઓમાં રોષ : વનતંત્ર સમક્ષ કડક પગલા લેવા રજુઆત**

ગાંધીનગર તા ૧૦

શહેરના સેકટરોમાં હાલ પાનખરની અસરથી હરિયાળા વૃક્ષોની આસપાસ સુકા પાંદડાઓનો ઢગ જોવા મળે છે.




સતત ઝાડ પરથી ખરતા પાંદડાઓના લીધે આસપાસના વિસ્તારમાં પણ સફાઈના અભાવે કચરો ખડકાય છે. જયારે આ સ્થિતિ વચ્ચે સેકટરોમાં જાહેરમાં કચરો સળગાવાની હરકત પણ બિન્દાસ્ત રીતે વધી ગઈ છે. આજે પણ શહેરના સે-૫ અને ગ માર્ગ પર બે ઠેકાણે કચરામાં આગ ચાંપી વાતાવરણને પ્રદુષિત કરવાની સાથે હરિયાળીને પણ નુકશાન પહોંચાડવામાં આવી રહ્યુ છે.

શહેરમાં પાનખર બાદ ઠેર ઠેર સુકા પાંદડાઓનો કચરો સળગાવાતા પ્રદુષણનુ પ્રમાણ વધી રહ્યુ છે. જયારે આ હરકતના લીધે નગરની હરિયાળી સામે પણ ખતરો મંડરાયો છે. વન આરક્ષિત વિસ્તારમાં પણ સુકા પાંદડાનો ઢગ થતા સ્થાનિકો દ્વારા વારંવાર કચરામાં આગ ચાંપીને ધુમાડો કરવામાં આવે છે. શહેરમાં અગાઉ પણ સે-૨૦ ની પ્રાથમિક શાળાના સંકુલમાં સુકો કચરો સળગાવાતા હરિયાળા વૃક્ષોને નુકશાન પહોંચ્યુ હતુ. આ સ્થિતિ વચ્ચે વનતંત્રએ પણ આવી હરકત સામે કડક પગલા લેવા સુચના આપી હતી. શહેરના મુખ્યમાર્ગો તેમજ સેકટરોના આંતરિક વિસ્તારમાં હરિયાળા વૃક્ષો વચ્ચે સુકો કચરો સળગાવાના કિસ્સાઓ અનેકવાર ધ્યાને આવે છે. જયારે પ્રકૃતિ પ્રેમીઓ તેમજ જાગૃત નાગરિકો પણ આ મામલે તંત્રનુ ધ્યાન દોરી વૃક્ષોને નુકશાન થતુ અટકાવવા માટે રજુઆત પણ કરે છે.આજે પણ શહેરમાં વિવિધ બે ઠેકાણે સુકા પાંદડા સળગાવી પ્રકૃતિને નુકશાન પહોંચાડતા તત્વો સામે તંત્ર કડક પગલા લે તેવી માંગ ઉઠવા પામી છે. શહેરના સે-૫ માં આંતરિક માર્ગો આસપાસ વન

● અનુસંધાન પાન-૭ પર

## શિક્ષણ મંત્રી શ્રી ભુપેન્દ્રસિંહ ચુડાસમાના માતૃશ્રી કમલાબાનું દુ:ખદ અવસાન



શિક્ષણ મંત્રી શ્રી ભુપેન્દ્રસિંહ ચુડાસમાના માતૃશ્રી કમલાબા મનુભા ચુડાસમાનું આજે બપોરે ૯૪ વર્ષની વયે દુખદ અવસાન થયું છે. સ્વર્ગસ્થ કમલાબા આજે મૃત્યુના બે મહિના પહેલા મોતીકામ, ભરતકામ જેવી પ્રવૃત્તિ સાથે સક્રિય રહ્યા હતા. સ્વ.કમલાબાએ ચક્ષુદાન પણ કરાવ્યું હતું.

આજે સ્વ.કમલાબાના અવસાનના સમાચાર બાદ કેન્દ્રીય ગૃહ મંત્રી શ્રી અમિતભાઈ શાહ, કેન્દ્રીય રાજ્યમંત્રી શ્રી પરસોત્તમભાઈ રૂપાલા, કથાકાર પૂજ્ય શ્રી મોરારિ બાપુએ શ્રી ભૂપેન્દ્રસિંહ ચુડાસમાને ફોન કરીને તેમના પરિવારને સાંત્વના પાઠવી હતી.

રાજ્યપાલ શ્રી આચાર્ય દેવવ્રતજી તથા મુખ્યમંત્રીશ્રી વિજયભાઈ રૂપાણી અને નાયબ મુખ્યમંત્રી શ્રી નીતિનભાઈ પટેલે પણ આજે શ્રી ભૂપેન્દ્રસિંહ ચુડાસમાના નિવાસસ્થાને જઈને સૌ પરિવારજનોને સાંત્વના પાઠવી હતી.

ગાંધીનગર ખાતે સ્વર્ગસ્થ શ્રીકમલાબા ચુડાસમાની અંતિમયાત્રામાં વિશેષ કરીને કાલુપુર શ્રી સ્વામિનારાયણ મંદિરનાઆચાર્ય મહારાજ શ્રી કૌશલેન્દ્ર પ્રસાદજી ઉપરાંત અનેક મહાનુભાવો તથા આપ્તજનોએ જોડાઈને સ્વર્ગસ્થશ્રીને શ્રદ્ધા સુમન અર્પણ કર્યા હતા.

# જિલ્લામાં ૧૫ નવા કેસ

**ગાંધીનગરમાં પાંચ, કલોલ-માણસામાં એક-એક કેસ નોંધાયો : શહેરમાં સે. ૫માં બે કેસ ઉપરાંત જીઈબી, સે. ૬, ૨૭, ૧૯, ૩૦, ૩-એ-ન્યુમાંથી કેસ મળ્યા : વધુ ૧૫ને ડિસ્ચાર્જ**

ગાંધીનગર, તા. ૧૦

ગાંધીનગર જિલ્લામાં કોરોનાના આજે ૧૫ કેસ નોંધાયા છે. જેમાં ગ્રામ્ય વિસ્તારના ૭ અને ગાંધીનગર શહેરના ૮ કેસનો સમાવેશ થાય છે.

જિલ્લાના ગ્રામ્ય વિસ્તારમાં ગાંધીનગરમાં ૫ કેસ ઉપરાંત માણસા અને કલોલમાં પણ એક-એક કેસ નોંધાયા છે. આજે નોંધાયેલા તમામ દર્દીઓએ હોમ આઈસોલેશનનો વિકલ્પ સ્વીકાર્યો છે.

આજે નોંધાયેલા કેસોમાં ૪ મહિલા દર્દીઓનો સમાવેશ થાય છે. ગ્રામ્ય વિસ્તારમાં મહિલા દર્દીઓ મળી રહી હોવાથી તંત્રની ચિંતા વધી છે. આજે નોંધાયેલા ૭ કેસમાં બે કર્મયોગીની, એક વિદ્યાર્થી, ૩ ખાનગી નોકરીયાત અને એક ગૃહીણીનો સમાવેશ થાય છે.

ગાંધીનગર તાલુકાના સરઢવ અને સરગાસણમાંથી બે-બે કેસ મળી આવ્યા છે. આ ઉપરાંત ખોરજમાંથી પણ એક કેસ મળેલ છે.

માણસા અર્બનમાં કોરોનાએ પુનઃ દેખા દીધી છે. અર્બનમાં ૭૨ વર્ષીય પુરૂષનો રિપોર્ટ પોઝીટીવ આવ્યો છે.

કલોલમાં આજે અર્બન-૨ વિસ્તારમાં એક કેસ નોંધાયો છે. અર્બન વિસ્તારમાં લાંબા સમય બાદ કેસ નોંધાતા તંત્ર સતર્ક બન્યુ છે.

જિલ્લાના ગ્રામ્ય વિસ્તારમાં આજે વધુ ૮ દર્દીઓ રિકવર થતાં તેમને ડિસ્ચાર્જ આપવામાં આવેલ છે. જિલ્લાના ગ્રામ્ય વિસ્તારમાં અત્યાર સુધીમાં ૪૧૫૪ લોકો કોરનામુક્ત થયા છે.

ગ્રામ્ય વિસ્તારમાં આજે ૩૯ દર્દીઓ એક્ટીવ કેસ તરીકે સારવાર હેઠળ છે. ગ્રામ્ય વિસ્તારમાં આજે ૭૨૧ લોકોને હોમ ક્વોરોન્ટાઈન હેઠળ રાખવામાં આવેલ છે.

ગાંધીનગર શહેરમાં આજે એક જ દિવસમાં ૮ કેસ કોરોનાના નોંધાતા તંત્ર પણ ચોંકી ઉઠ્યુ છે.

શહેરમાં આજે નોંધાયેલા કેસમાં ત્રણ મહિલા દર્દીનો સમાવેશ થાય છે. આજે એક દર્દીને સારવાર માટે ખાનગી હોસ્પિટલમાં દાખલ કરવામાં આવેલ છે.

શહેરમાં આજે સંક્રમિત થનારાઓમાં જીઈબીનો કર્મયોગી, કલોલની ખાનગી શાળાનો કર્મયોગી, ડિફેન્સમાં ગાર્ડ તરીકે ફરજ બજાવતા કોરોના વોરિયર્સ તેમજ એક સરકારી કર્મયોગીનીનો સમાવેશ થાય છે.

આજે શહેરમાં જીઈબી કોલોની, સે. ૬, સે. ૨૭, સે. ૩-એ-ન્યુ, સે. ૧૯, ૩૦ ઉપરાંત સે. ૫ માંથી બે કેસ મળી આવેલ છે.

કોરોના માટે સંવેદનશીલ બનેલા વિસ્તારોમાંથી જે રીતે કેસો સામે આવી રહ્યા છે તેણે તંત્રને ચિંતાતુર બનાવ્યુ છે.

શહેરમાં રિકવરી રેટ સારો હોવાનો દાવો કરતાં તંત્રએ જણાવ્યુ છે કે આજે વધુ ૭ દર્દીઓ રિકવર થતાં તેમને ડિસ્ચાર્જ આપવામાં આવેલ છે.

ગાંધીનગર જિલ્લામાં આજે કોરોનાના ૧૫ કેસ નોંધાયા અને ૧૫ દર્દીઓ રિકવર થતાં તેમને ડિસ્ચાર્જ અપાયુ છે જે યોગાનુયોગ છે. જિલ્લામાં વધુ એકવાર કોરોનાના કેસો ઉંચકાતા તંત્રની ચિંતા વધી છે.

**દુ:ખદ અવસાન**



શ્રી ભુપેન્દ્રસિંહ મનુભા ચુડાસમા (શિક્ષણ મંત્રીશ્રી, ગુજરાત સરકાર)
ના માતૃશ્રી
**સ્વ. કમલાબા મનુભા ચુડાસમા (ચક્ષુદાતા)**
(વય - 94 વર્ષ) નું અવસાન થયું છે.
**સાંપ્રત સ્થિતિના કારણે બેસણું રાખેલ નથી.**

| | |
|---|---|
| સ્વ. બલભદ્રસિંહ મનુભા ચુડાસમા | પ્રાદિત્યસિંહ ભુપેન્દ્રસિંહ ચુડાસમા |
| સ્વ. મંગળસિંહ મનુભા ચુડાસમા | રાજસિંહ ધર્મેન્દ્રસિંહ ચુડાસમા |
| સ્વ. ધર્મેન્દ્રસિંહ બલભદ્રસિંહ ચુડાસમા | શિવરાજસિંહ કમલસિંહ ચુડાસમા |
| કમલસિંહ બલભદ્રસિંહ ચુડાસમા | દેવરાજસિંહ અજયસિંહ ચુડાસમા |
| અજયસિંહ બલભદ્રસિંહ ચુડાસમા | ધર્માદિત્યસિંહ પ્રાદિત્યસિંહ ચુડાસમા |
| વિજયસિંહ બલભદ્રસિંહ ચુડાસમા | વંશરાજસિંહ વિજયસિંહ ચુડાસમા |

ઓથો. સ્ટોકિસ્ટ ગાંધીનગર ડીસ્ટ્રીક્ટ...
SANGHI CEMENT Turning Dreams into Concrete Reality
KisaN
ashirvad
Jaquar experience bathing
DR. FIXIT
TATA STEEL • PIPES • SHEETS
ET TMT BARS Mazboot Bharat ki Pehchan
જગદીશ સ્ટીલ સ્ટોર્સ
પ્લોટ નં. ૧૬૯, પેટ્રોલ પંપની સામે, સેક્ટર-૨૧, ગાંધીનગર.
ફોન : (ઓ) ૨૩૨૨૧૨૧૪, ૨૩૨૨૬૦૦૮,
મો. ૯૮૨૪૨૩૭૦૦૮ (ઘર) ૨૩૨૬૦૯૫૬
શાખા :
સેક્ટર-૩ડી, ઘ-૨ સર્કલ પાસે, ઘ-રોડ, ગાંધીનગર.
ફોન : ૨૩૨૨૭૦૦૮, ૯૮૨૫૪૩૨૧૮૬
સેક્ટર-૨૬, ટાટા ચોકડી પાસે, કોલવડા રોડ, ગાંધીનગર.
ફોન : ૨૩૨૮૭૩૨૨
સિમેન્ટ, TMT (ISI) સ્ટીલ, સેનેટરી, હાર્ડવેર, કપચી, ગ્રીટ, મેટલ, PVC (કિસાન) ગ્રેપાઈપ (જીન્દાલ/ટાટા), ઈંટો, ટાટા પતરા, સિન્ટેક્ષ વોટર ટેન્ક, સોલાર તથા બિલ્ડીંગ મટીરીયલ્સ

www.capitaloffset.in
કેપિટલ ઓફસેટ®
AN ISO 9001:2015 Certified Company
મલ્ટીકલર ઓફસેટ પ્રિન્ટીંગ
રજિ. ઓફિસ : પ્લોટ નં. એલ-૮૦૧/૧, ૨, જી.આઈ.ડી.સી. એન્જીનીયરીંગ એસ્ટેટ, સેકટર-૨૮, ગાંધીનગર.
મો. : ૯૮૨૫૦ ૩૮૩૭૮, ૯૬૩૮૧ ૮૩૮૩૮, ૯૯૨૫૨ ૩૫૪૫૮
E-mail : capitaloffsetgujarat@gmail.com
ઓફિસ : ૬૦૩ - ૬૦૪, છઠ્ઠો માળ, હવેલી આર્કેડ કોમ્પ્લેક્ષ, હોટલ હવેલીની પાસે, રાધે સ્વીટની ઉપર, સેકટર-૧૧, ગાંધીનગર
ફોન : ૦૭૯-૨૩૨ ૪૩૬૨૩, મો ૯૬૩૮૧ ૮૩૮૩૮, ૯૯૨૫૨ ૩૫૪૫૯
બ્રોશર, લીફલેટ, મેગેજીન, પત્રિકા, સોવિનિયર, વાર્ષિક અહેવાલ, ન્યુઝ લેટર તથા દરેક પ્રકારનું મલ્ટીકલર ઓફસેટ પ્રિન્ટીંગ તથા ગ્રાફિક્સ ડિઝાઈનીંગ

Govt. of India Regd. No. 38383 / 82 માલિક - પ્રકાશક - મુદ્રક : પ્રાર્થના પ્રકાશન વતી ભાસ્કર પ્રિન્ટીંગ પ્રેસ, બાવળા હાઈવે, ચાંગોદર ખાતે છાપ્યું, બ્લોક નં. ૬૮૪/૧, સેક્ટર-૮, ગાંધીનગર ખાતેથી પ્રસિદ્ધ કર્યું. તંત્રી : કૃષ્ણકાન્ત જહા. ફોન : ૨૩૨૨૨૫૭૧, ફેક્સ : ૨૩૨૩૦૫૭૧ E-mail : gandhinagarsamachar@gmail.com